૧૭

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમ ઉપરની હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૧૦૩૩૮૨/અ
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૬/૨૦૨૨

વંચાણે લીધા:

16 JUN 2022

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા.૦૪/૦૨/૨૦૨૨નો પત્ર કમાંક: ગુગો/મકમ/૧૮૯૪/૨૦૨૨

ઠરાવ:

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તા.૧૭/૦૩/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮(આઠ) તથા આઉટસોર્સની ૧૦ (દસ) એમ મળી કુલ ૧૮ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૦૪/૦૨/૨૦૨૨ના પત્રથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની ૮(આઠ) તથા આઉટસોર્સની ૧૦ (દસ) એમ કુલ ૧૮ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા નિગમે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની નીચે કોષ્ટકમાં દર્શાવેલ ૮(આઠ) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી નીચેની શરતોને આધિન ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર થયેલ જગ્યાનું નામ | વર્ગ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેક્ટર | ૧ | ૧ | ૭૮૮૦૦-૨૦૯૨૦૦ |
| ૨ | હિસાબી અધિકારી | ૨ | ૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૩ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૪ | અધિક્ષક | ૩ | ૧ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૫ | જુ.ક્લાર્ક | ૩ | ૨ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૬ | પટાવાળા | ૪ | ૨ | ૧૪૮૦૦-૪૭૧૦૦ |
| | કુલ | | ૮ (આઠ) | |

શરતો:-

(૧) આ જગ્યા અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩માં આ હેતુ માટે વખતો વખત છૂટી થનાર ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યા જે હેતુ માટે ઊભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૩) ખાલી જગ્યા અંગે નાણાં વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) આ હંગામી જગ્યાની મુદત પુરી થવાના ચાર માસ પહેલા જગ્યા ચાલુ રાખવાની દરખાસ્ત જગ્યાની વિગત (સંવર્ગ, કચેરી, સ્થળ, કેવી રીતે ભરાયેલ છે હાલ ખાલી/ભરાયેલ છે.) સાથે કરવાની રહેશે.

(૫) નિગમમાં પટાવાળાની ૨(બે) જગ્યાઓ નિયમિત નિમણૂંકથી ભરાયેલી હોય તે સંજોગોમાં નિવૃતિ, રાજીનામું વગેરે કારણોસર ખાલી પડે તે દિવસથી રદ કરવાની તથા તે સેવાઓ સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓ મુજબ આઉટસોર્સથી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, (કોમ્પ્યુટર શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૨